રા.મ્યુ.કો./ટી.પી./ઈ.ઝો./જા.નં. : ૬૧૫/૯ તા.૧૫/૦૭/૨૦૨૬

**વિષય : તા.૨૦/૦૭/૨૦૨૬ના જનરલ બોર્ડમાં સભ્યશ્રી દ્વારા રજુ કરેલ પ્રશ્નનો જવાબ**

**સભ્યશ્રીનું નામ**: શ્રી માધવીબેન નીતિનભાઈ બદ્રકિયા વોર્ડ નં.૧૩

| પ્રશ્ન ક્રમ | પેટા પ્રશ્ન નં. | પ્રશ્નની વિગત | જવાબ |
|---|---|---|---|
| ૨૮ | ૧ | ઈમ્પેક્ટ ફી ના કાયદા હેઠળ બાંધકામને નિયમિત કરવા અંગે નિયત સમય મર્યાદામાં આવેલ અરજીઓની સંખ્યા તે પૈકી કેટલી અરજીઓનો નિકાલ કરીને બાંધકામને નિયમિત કરવામાં આવેલ છે? કેટલી અરજીઓ બાકી છે? તેમજ જે બાકી છે તે મિલકત ધારકને મિલકત સીલ કરવામાં આવેલ છે કે નહિ અને જો મિલકત ધારક નિયમ મુજબ દંડ વગેરે ભરવા તૈયાર હોય તો, તેમની અરજીના નિકાલમાં વિલંબ થવાના પ્રમુખ કારણો ક્યાં છે? | રાજકોટ મહાનગરપાલિકા વિસ્તારમાં ગૃડા-૨૦૨૨ અંતર્ગત પશ્ચિમ ઝોન હેઠળ કુલ ૭૦૭૯ અરજીઓ, સેન્ટ્રલ ઝોન હેઠળ કુલ ૫૪૧૨ અરજીઓ, પુર્વ ઝોન હેઠળ કુલ ૩૧૨૪ અરજીઓ મળીને <u>કુલ ૧૫૬૧૫</u> અરજીઓ આવેલ છે. જે પૈકી <u>કુલ ૫૪૪૯</u> અરજીઓ મંજુર થયેલ છે, <u>કુલ ૩૩૫૮</u> અરજીઓ ના-મંજુર થયેલ છે, <u>કુલ ૬૮૦૮</u> અરજીઓ પડતર રહેલ છે. ઉપરોક્ત પડતર રહેલ મોટા ભાગની અરજીઓમાં અત્રેથી જે-તે સમયે ક્ષતિપૂર્તતા પત્ર પાઠવવામાં આવેલ છે. પરંતુ અરજદારશ્રી દ્વારા ક્ષતિપૂર્તતા ન થવાને કારણે સદરહું અરજીઓ પડતર રહેલ છે. આવી પડતર અરજીઓ પૈકી મોટા ભાગની અરજીઓ મંજૂરીને પાત્ર હોવાનું જણાય છે. પરંતુ માત્ર દસ્તાવેજો રજુ ન થવાને કારણે મંજુર કરી શકાતી નથી. જેથી જાહેરહિતમાં તેમજ સરકારશ્રી દ્વારા ગૃડા-૨૦૨૨ ની સમયમર્યાદામાં પણ સમયાંતરે વધારો કરવામાં આવે છે. તાજેતરમાં જ સરકારશ્રીના તા.૧૫/૬/૨૦૨૬ ના નોટીફીકેશનથી ૬ (છ) માસનો વધારો કરવામાં આવેલ છે. આમ, આવી અરજીઓ ના-મંજુર ન કરતા અરજદારશ્રીને પુરતો સમય આપવામાં આવે છે. |

શાખાધિકારીની સહી ............(signature)............

શાખાધિકારીનું નામ:- આર.ડી.પરમાર

શાખા :- ટાઉન પ્લાનીંગ શાખા

હોદ્દો :- ટાઉન પ્લાનીંગ ઓફિસર

રા.મ્યુ.કો./ટી.પી./ઈ.ઝો./જા.નં. : ૬૧૫/૨ તા.૧૫/૦૭/૨૦૨૬

**વિષય : તા.૨૦/૦૭/૨૦૨૬ના જનરલ બોર્ડમાં સભ્યશ્રી દ્વારા રજુ કરેલ પ્રશ્નનો જવાબ**

**સભ્યશ્રીનું નામ: શ્રી માધવીબેન નીતિનભાઈ બદ્રકિયા** **વોર્ડ નં.૧૩**

| પ્રશ્ન ક્રમ | પેટા પ્રશ્ન નં. | પ્રશ્નની વિગત | જવાબ |
|---|---|---|---|
| ૨૮ | ૨ | રાજકોટ મહાનગરપાલિકાની માલિકીનાં કેટલા પ્લોટ છે, અને તે ક્યાં હેતુના છે તેમજ આ પ્લોટમાં હાલની સ્થિતિ કોઈ ઉપયોગ થાય છે ખરો? જો આવા પ્લોટ પર ગેરકાયદેસર દબાણ/કબ્જો કરેલ છે તો તે અંગે શું કાર્યવાહી કરેલ છે તેમજ જો આવા પ્લોટ પર બાંધકામનો કાટમાળ કે કચરો કોઈની મંજૂરી વિના નાખવામાં આવે છે તો તે અંગે કાર્યવાહી કરેલ છે? જો કોઈ કાર્યવાહી કરેલ હોય, તો તેની વિગત આપવી. | રાજકોટ મહાનગરપાલિકા વિસ્તારમાં સરકારશ્રી દ્વારા કુલ ૪૨ નગર રચના યોજનાને મંજૂરી આપવામાં આવેલ છે. સદરહું નગર રચના યોજના અંતર્ગત રાજકોટ મહાનગરપાલિકાને જુદા-જુદા હેતુ માટેના કુલ ૧૬૨૦ અનામત પ્લોટ પ્રાપ્ત થયેલ છે. સદરહું પ્રાપ્ત થયેલ અનામત પ્લોટ પૈકી ઘણા પ્લોટોનો ઉપયોગ રાજકોટ મહાનગરપાલિકા દ્વારા નાગરિકોને વિવિધ પ્રકારની સુવિધાઓ પુરી પાડવાના હેતુથી કરવામાં આવેલ છે. સદરહું પ્લોટ પૈકીના અનામત પ્લોટોમાં જે દબાણો આવેલ છે તે મોટા ભાગના દબાણો નગર રચના યોજનાની અમલીકરણ પહેલાના હોવાનું જણાય છે. જેથી આવા દબાણો ધી ગુજરાત ટાઉન પ્લાનીંગ એન્ડ અર્બન ડેવલોપમેન્ટ એક્ટ-૧૯૭૬ની કલમ-૬૮ અને તે હેઠળના રૂલ નં.૩૩ મુજબ સમયાંતરે દુર કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવે છે. જેથી વિદિત થવા વિનંતી છે. |

શાખાધિકારીની સહી ......................................

શાખાધિકારીનું નામ:- આર.ડી.પરમાર

શાખા :- ટાઉન પ્લાનીંગ શાખા

હોદ્દો :- ટાઉન પ્લાનીંગ ઓફિસર

# રાજકોટ મહાનગરપાલિકા

## સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ શાખા

ડો. આંબેડકર ભવન, ઢેબરભાઇ રોડ, રાજકોટ

SWACHH SURVEKSHAN 2025-26

રા.મ.ન.પા/સો.વે.મે/જા. નં. ૯૬૦૩ તા. ૧૫/૦૭/૨૦૨૫

વિષય : તા.૨૦/૦૭/૨૦૨૬ ના જનરલ બોર્ડમાં સભ્યશ્રી દ્વારા રજુ કરેલ પ્રશ્નનો જવાબ.

**સભ્યશ્રીનું નામ: શ્રીમતી માધવીબેન બદ્રકીયા**

**કોર્પોરેટ શ્રી વોર્ડ નં -૧૩**

| પ્રશ્ન ક્રમ | પ્રશ્નની વિગત | જવાબ |
|---|---|---|
| ૨૮.૨ | રાજકોટ મહાનગરપાલીકાની માલીકીના કેટલા પ્લોટ છે. **અને** તે ક્યા હેતુના છે. તેમજ આ પ્લોટમાં હાલની પરિસ્થીતી કોઇ ઉપયોગ થાય છે. ખરો ?<br>જો આ પ્લોટ પર કાયદેસર દબાણ / કબ્જો કરેલ છે. તો તે અંગે શું કાર્યવાહી કરેલ છે. તેમજ જો આવા પ્લોટ પર બાંધકામો કાટમાળ કે કચરો કોઇની મંજુરી વિના નાખવામાં આવે છે. તો તે અંગે કાર્યવાહી કરેલ છે ? જો કોઇ કાર્યવાહી કરેલ હોય તો તેની વિગત આપવી ? | **સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ** શાખા દ્વારા રાજકોટ મહાનગરપાલીકાની માલીકીના પ્લોટ માં કોઇ બાંધકામ કે કાટમાળ ( C & D ) વેસ્ટ નાખતા પકડાઇ તો તેવા આસામીઓ પાસેથી વહીવટી ચાર્જ વસુલ કરવામાં આવે છે.<br><br>**સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ** શાખા દ્વારા તા. ૦૧/૦૭/૨૦૨૫ થી ૩૦/૦૬/૨૦૨૬ સુધી C & D વેસ્ટ નાંખતા કુલ ૨૪ આસામીઓ પાસેથી કુલ રૂા. ૧,૫૫,૮૦૦/- નો વહીવટી ચાર્જ વસુલ કરવામાં આવેલ છે. જેની વિગત આ સાથે સામેલ રાખેલ છે. |

શાખાધિકારીની સહી:

પર્યાવરણ ઇજનેર
સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ
રાજકોટ મહાનગરપાલીકા

Q. NO. 26.2.

| રાજકોટ મહાનગર પાલિકા | | | |
|---|---|---|---|
| સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ શાખા | | | |
| C & D વેસ્ટ અંગે વહીવટ ચાર્જ ૨૦૨૫-૨૬ | | | |
| ક્રમ ન. | તારીખ | આસામી સંખ્યા | વહીવટી ચાર્જ |
| ૧ | જુલાઈ -૨૦૨૫ | ૨ | ૩૦૦૦ |
| ૨ | ઓગસ્ટ -૨૦૨૫ | ૦ | ૦ |
| ૩ | સપ્ટેમ્બર -૨૦૨૫ | ૧ | ૫૦૦ |
| ૪ | ઓક્ટોમ્બર -૨૦૨૫ | ૦ | ૦ |
| ૫ | નવેમ્બર -૨૦૨૫ | ૦ | ૦ |
| ૬ | ડીસેમ્બર -૨૦૨૫ | ૭ | ૨૭૫૦૦ |
| ૭ | જાન્યુઆરી-૨૦૨૬ | ૫ | ૫૩૦૦૦ |
| ૮ | ફેબ્રુઆરી -૨૦૨૬ | ૧ | ૧૦૦૦૦ |
| ૯ | માર્ચ -૨૦૨૬ | ૪ | ૧૯૫૦૦ |
| ૧૦ | એપ્રિલ -૨૦૨૬ | ૦ | ૦ |
| ૧૧ | મે -૨૦૨૬ | ૦ | ૦ |
| ૧૨ | જુન -૨૦૨૬ | ૪ | ૪૨૩૦૦ |
| ટોટલ | | ૨૪ | ૧૫૫૮૦૦ |